28/10 TO 04/11 LAKSHYA CAREER ACADEMY *Way to success...*
F-4, SUMNTRA COMPLEX, RAM MANTRA MANDIR, TALAJA ROAD, BHAVNAGAR. MO:-8128697071

## હદયનાથ મંગેશંકર એવોર્ડ

- પ્રસિદ્ધ લેખક શ્રી જાવેદ અખ્તર ને હદયનાથ મંગેશકર એવોર્ડથી સન્માનિત કરાવ્યા છે.

## કેટેલોનિયાની સ્પેનથી અલગ થવાની જાહેરાત

- કેટેલોનિની સ્થનિક સંસદે મતદાન કરીને **સ્પેન**થી આઝાદ થવાની જાહેરાત કરી છે.
- સ્પેને કેટેલોનિયાની સંસદને બરખાસ્ત કરીને ત્યાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કર્યું છે.
- સ્પેનના વર્તમાન વડાપ્રધાનનું નામ શ્રી મારિયાનો રાજોય છે.

## ફિફા અંડર–17 ફૂટબોલ વર્લ્ડકપ 2017

- ફિફાઅંડર–17 ફૂટબોલ વર્લ્ડકપ 2017ની ફાઈનલ મેચમાં સ્પેનને 5 – 2 થી પરાજય આપી ઈંગ્લેન્ડે પ્રથમ વખત આ વર્લ્ડકપ જીતી લીધો છે.
- ભારતમાં કોલકતાના સોલ્ટ લેક સ્ટેડિયમ(વિવેકાનંદ યુવા ભારતી ફૂટબોલ ક્રીડાગણ) ખાતે આ ફાઈનલ મેચ યોજાઈ હતી.
- સોલ્ટ લેક સ્ટેડિયમ ભારતનું સૌથી મોટું ફૂટબોલ સ્ટેડિયમ છે.
- ભારતમાં પ્રથમ વખત આ વર્લ્ડકપનું આયોજન થયું હતું.
- ફિફાનો આ 17મો અંડર 17 ફૂટબોલ વર્લ્ડકપ હતો.
- 6 થી 28 ઓક્ટોબર,2017 દરમિયાન ભારતના જુદા–જુદા છ શહેરોના છ સ્ટેડિયમમાં આ વર્લ્ડકપનું આયોજન થયું હતું.
- ભારતમાં આયોજીત આ ટુર્નામેન્ટમાં સૌથી વધારે દર્શકોનો વર્લ્ડ રેકોર્ડ સર્જાયો હતો.
- આ વર્લ્ડકપમાં વિજેતા ટીમો ક્રમ મુજબ આ પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| 1 | ચેમ્પિયન | ઈંગ્લેન્ડ |
| 2 | રનર્સ અપ | સ્પેન |
| 3 | ત્રીજો ક્રમે | બ્રાઝિલ |
| 4 | ચોથો ક્રમે | માલી |
| 5 | ચોવીસમાં ક્રમે | ભારત |

- આ ટુર્નામેન્ટમાં કુલ 24 ટીમોએ ભાગ લીધો હતો.
- આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ 8 ગોલ કરનાર ઈંગ્લેન્ડના રિહાન બ્રૂસ્ટરને ગોલ્ડન બૂટ એવોર્ડ મળ્યો છે.
- ફિફા અંડર–17વર્લ્ડકપનો પ્રારંભ 1985થી થયો હતો.
- દર બે વર્ષે આ ટુર્નામેન્ટ યોજાય છે.
- નાઈજીરીયાએ સૌથી વધુ પાંચ વખત આ ટુર્નામેન્ટ જીતી છે.
- હવે વર્ષ 2019 માં આ ટુર્નામેન્ટ યોજાશે..

## પ્રો કબડ્ડી લીગ–2017

- પ્રો કબડ્ડી લીગ–2017ની ફાઈનલ મેચમાં ગુજરાત ફોર્ચ્યુન જાયન્ટ્સને 55 – 38 થી પરાજય આપીને પટણા પારેટ્સે સતત ત્રીજી વખત આ ટુનામેન્ટ જીતી લીધી છે.

Lakshya Career Academy

28/10 TO 04/11 LAKSHYA CAREER ACADEMY Way to success...
F-4, SUMNTRA COMPLEX, RAM MANTRA MANDIR, TALAJA ROAD, BHAVNAGAR. MO:-8128697071

## ભારત–ન્યુઝીલેન્ડ વન–ડે સિરીઝ

- ભારતના પ્રવાસે આવેલી ન્યુઝીલેન્ડની ક્રિકેટ ટીમ અને ભારત વચ્ચે યોજાયેલી ત્રણ વન–ડે મેચોની સિરીઝ ભારત 2 – 1 થી જીતી લીધી છે.
- આ સિરીઝમાં શ્રી વિરાટ કોહલી ને મને ઓફ ધ સિરીઝ જાહેર કરાવ્યો હતો.
- આ સિરીઝમાં શ્રી વિરાટ કોહલી એ સૌથી ઝડપી 9000 રન ફટકારવાનો રેકોર્ડ સર્જ્યો છે.
- આ અગાઉ આ રેકોર્ડ સાઉથ આફ્રિકાના શ્રી એબી ડિ વિલિયર્સના નામે હતો તેમણે 205 ઈનિંગ્સમાં આ રેકોર્ડ નોંધાવ્યો હતો જ્યારે શ્રી વિરાટ કોહલીએ 194 ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી છે.

## ફ્રેન્ચ ઓપન સુપર સિરીઝ ટુર્નામેન્ટ–2017

- જાપાનના શ્રી કેન્ટા નિશિમોટોને પરાજય આપીને ભારતના પ્રસિદ્ધ બેડમિન્ટન ખેલાડી શ્રી કિદામ્બી શ્રીકાંત ફ્રેન્ચ ઓપન સુપર સિરીઝ બેડમિન્ટન ટુર્નામેન્ટ–2017 નું ટાઈટાલ જીતી લીધું છે.

## ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રિપોર્ટ 2016

- વલ્ડ બેન્કના વર્ષ 2016ના ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રિપોર્ટમાં ભારતને 190 દેશોમાં 100 મું સ્થાન પ્રાપ્ત થયું.
- આ રિપોર્ટમાં વર્ષ 2015માં ભારત 130માં સ્થાને હતું

## NTPC પ્લાન્ટ દુર્ઘટના

- 1નવેમ્બર, 2017 નારોજ ઉતરપ્રદેશના રાયબરેલી ખાતે ઊંચાહાર પોલીસમથકની હદમાં આવેલા NTPC પ્લાન્ટમાં બોઈલર ફાટતાં આશરે 30 થી વધુ લોકોનાં મોત થયા છે.
- આ પ્લાન્ટનું નામ ફિરોઝ ગાંધી ઊંચાહાર થર્મલ પાવર સ્ટેશન છે.
- NTPC નું પુરૂંનામ 'નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન' છે.

## શ્રી રવિન્દ્ર પારેખ

- ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ શ્રી રવિન્દ્ર પારેખે પોતાના પદ પરથી રાજીનામુ આપી દીધું છે.

- 31 ઓક્ટોબર રાષ્ટ્રીય એકતા દિન,શ્રી સરદાર પટેલ જન્મદિન,શ્રીમતી ઈન્દિરા ગાંધી પુણ્યતિથી
- હૈદરાબાદની ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન અને BCCU(બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ઈન ઈન્ડિયા) ના જનરલ મેનેજરના પદે થી તાજેતરમાં રાજીનામુ આપનાર શ્રી એમ.વી.શ્રીધરનું નિધન થયું છે.

–હમીરભાઈ રાઠોડ
–નિલેશભાઈ પંડયા
– નિકુંજ રમણા

Lakshya Career Academy